**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૧ ઓકટોબર ૨૦૦૯**

## ગ્રાહક મૂલ્ય નિર્દેશાંકનું આધાર વર્ષ બદલાવીને
## જનતાને ગેરમાર્ગે દોરવાનો કેંદ્ર સરકાર નો પ્રયત્ન : રામ નાઈક

**મુંબઈ, બુધવાર :** ગ્રાહક મૂલ્ય નિર્દેશાંક કાઢવા માટે નું આધાર વર્ષ બદલાવી તેમજ મોંઘવારી નિર્દેશાંક દર અઠવાડિયા ની બદલે દર મહિને પ્રસિધ્ધ કરવાનું ઠરાવીને સર્વત્ર સમૂસુતરૂં છે તેવું ચિત્ર કોંગ્રસ સરકાર ખડું કરવા માગે છે, તેવો આક્ષેપ ભારતીય જનતા પક્ષ નાં નેતા અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે આજે મુંબઈ ખાતે એક અખબારી યાદી દ્વારા કરેલ છે. ગ્રાહક મૂલ્ય નિર્દેશાંક કાઢવાની પધ્ધતી અને સમયાવધિ ના સરકારનાં નવાં નિર્ણય બાબતે શ્રી રામ નાઈકે પ્રતિક્રિયા આપી રહ્યાં હતાં.

વધતી મોંઘવારી સહજતાથી ધ્યાનમાં ન આવે તે માટે જ નિર્દેશાંક માટે નું આધારભૂત વર્ષ ૧૯૯૩-૧૯૯૪ ને સ્થાને ૨૦૦૪-૨૦૦૫ કરવાનો ઘાટ વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહે ઘડયો છે ,તેમ પણ શ્રી રામ નાઈકે કહ્યું છે. મૂલ્ય નિર્દેશાંક નું આધારભૂત વર્ષ બદલવાથી વધેલ મોંઘવારી કગળ પર તેટલી ગંભીર નહીં દેખાય, તવો ચૂનો ચોપડી દેશ ની આર્થિક સ્થિતી નું ખોટું લોભામણું ચિત્ર કેંદ્ર સરકાર નિર્માણ કરવા ઈચ્છે છે.મોંઘવારી નો ત્રાસ વેઠનારી સામાન્ય જનતામાં વધતો મોંઘવારી નિર્દેશાંક જોઇ વધુ ને વધુ અસંતોષ નિર્માણ થઈ રહ્યો છે. આ અસંતોષ ની ધાર બુઠ્ઠી કરવા માટે હવે મોંઘવારી નિર્દેશાંક પણ દર અઠવાડિયા ની બદલે મહિને એક વકત જાહેર કરવાનો નિર્ણય સરકારે લીધો છે, એવી ટીકા પણ શ્રી રામ નાઈકે કરેલ છે.

કોંગ્રેસ સરકાર આંકડા નો ખેલ રચી દેશ માં અને દેશ ની બહાર પણ દેશ ની આર્થિક સ્થિતી મજબૂત હોવાનું ચિત્ર નિર્માણ કરવાનો કેટલોય પ્રયત્ન કર્યો તોયે જનતા ફસાવાની નથી, તેવો મત વ્યકત કરી શ્રી રામ નાઈકે કહ્યું કે , "આંતરરાષ્ટ્રીય અર્થકારણમાં આવા ફેરફાર ને કારણે દેશ ની પ્રતિમા ખરડાય છે તેટલી સાદી સમજ પણ અર્થતજ્ઞ વડાંપ્રધાન ડૉ. મનમોહન સિંહે ધ્યાનમાં લીધી ન હોય તે ખેદજનક છે."

**(કાર્યાલય સચિવ)**